### પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય દ્વારા

# તૂટી ગયેલ ચેકડેમ વાળી જગ્યાએ જ નવીન ચેકડેમ બનાવવા રજુઆત કરાઈ

**મુખ્યમંત્રી, સિંચાઇ મંત્રી તથા જિલ્લા કલેકટરને પત્ર લખીને રજુઆત કરી : સાબરમતી નંદીમાં પોયડા ગામ પાસે વર્ષ ૨૦૦૬માં બનેલ ચેકડેમ બન્યો હતો : ચેકડેમ વાળી જગ્યાએ જ નવીન ચેકડેમ બનાવવા માટે રજુઆત : તૂટી ગયેલ જગ્યાએજ ચેકડેમ બનશે તો માણસા-ગાંધીનગર તાલુકાના ૫૦ ગામો સહિત પ્રાંતિજ તાલુકાના ૧૮ ગામોને ફાયદો થશે**

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ -તલોદ તાલુકા ના કોગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય દ્વારા સાબરમતી નદી મા પ્રાંતિજ ના પોયડા પાસે ૨૦૦૬ વર્ષ મા બનેલ ચેકડેમ તૂટી જતા ચેકડેમ વાળી જગ્યાએજ નવીન ચેકડેમ બનાવવા માટે ગુજરાત ના મુખ્યમંત્રી , સિંચાઈ મંત્રી તથા જિલ્લા કલેકટર સહિત ત્રણ જગાએ લેખિત મા રજુઆત કરી.

પ્રાંતિજ પાસે આવેલ સાબરમતી નદીમા પ્રાંતિજ તાલુકાના પોયડા ગામ પાસે વર્ષ ૨૦૦૬ મા સાબરમતી નદી મા રાજય સરકાર દ્વારા બનાવવામા આવેલ ચેકડેમ વરસાદી પાણી નદીમા પુર જેવી સ્થિતિ ઉભી થતા તૂટી ગયેલ અને છે ચેકડેમ તૂટી ગયેલ છે અને જેને લઈ ને કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ વિધાનસભા ગુહમા તેમજ લેખિત મા મંત્રી ને રજુઆત કરેલ અને આ ચેકડેમ પોયડા ગામની સીમ મા બનતો પ્રાંતિજ તાલુકાના તેમજ સીમા છેડે આવેલ માણસા-ગાંધીનગર તાલુકાના ૫૦ થી વધુ ગામોનો પીવાનો પાણીનો પ્રશ્ન તેમજ સિંચાઈ નો પાણીનો પ્રશ્ન હલ થઈ શકે તેમ છે ત્યારે વધુમા પૂર્વ ધારાસભ્યે જણાવ્યુકે અગાઉ બનેલ પોયડા ગામની મુળ જગ્યા ને બદલે અન્ય જગ્યાએ ચેકડેમ બનાવવાનુ તેમજ બીજી કાર્યવાહી ચાલુ હોય મારા ધ્યાને આવતા જો મુળ જગ્યાએજ પોયડા ગામેજ બનાવવામા આવે તો પ્રાંતિજ તાલુકાના ગામડાઓને પણ સિંચાઈ નો તેમજ પીવાના પાણીનો પ્રશ્ન હલ થઈ શકે તેમ નથી જેથી અને જો નવી જગ્યાએ ચેકડેમ બનશે તો પ્રાંતિજ તાલુકાના સીતવાડા, ઓરાણ, પોયડા,ઈન્દ્રાજપુર, બોભા, મજરા, તાજપુર, લીમલા, વડવાસા, કતપુર, અનવરપુરા, ધડકણ, સુખડ, સદાની મુવાડી, પુનાદરા, કરોલ, ગલેસરા, સાદોલીયા સહિત ના ગામોનો પીવાનો તથા સિંચાઈ નો પ્રશ્ન ઉભો થશે જેથી પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા મુળ જગ્યાએજ પોયડા ખાતેજ ચેકડેમ બનાવવા માટે ગુજરાત ના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સિંચાઈ મંત્રી ઋષિકેશ ભાઈ પટેલ તથા જિલ્લા કલેકટર સહિત ત્રણ જગ્યાએ પત્ર લખીને રજુઆત કરવામા આવી.

# મોટીમોયડી ખાતે અંબે માતાજીના મંદિરનો પાટોત્સવ ઉજવાયો




મેઘરજ તા. ૨૧

મેઘરજ તાલુકાના મોટીમોયડી ગામે અંબે માતાજીના મંદિરનો ચોથો પાટોત્સવ સોમવારે ધામધૂમ થી ઉજવણી કરવામાં આવી હતી. મોટીમોયડી ખાતે વર્ષ ૨૦૧૮ માં અંબે માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે પાટોત્સવનું આયોજન કરવામાં આવે છે. ગામલોકો દ્વારા સંયુક્ત રીતે એકઠા થઇ દિવસ દરમિયાન માતાજીના મંદિરે બ્રાહ્મણ રાજુભાઈ ત્રિવેદીની હાજરીમાં શ્લોકનું પઠણ કરી ગામની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવે છે.ગામના યુવાનો અને વડીલો દ્વારા રાત્રે ભજન સંધ્યાનું અને સાંજે પ્રસાદીનું સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બાયડ રાંમનુ તળાવ ભરવા પાઈપલાઈન માટે રૂ. ૧૫ લાખ મંજૂર

**૫-૬ વર્ષથી મહેનત કરતા ખેડૂતોને સફળતા મળી : ૩૦ બોરકૂવા રિજાર્જ થશે, ઉનાળામાં પિયત વિસ્તાર વધશે**



બાયડ, તા. ૨૧

બાયડ રાંમનું તળાવ ભરવા માટે પંથકના ખેડૂતોની વર્ષો જૂની માંગ ભાજપાની નવી સરકારમાં સ્વીકારી લેવાતાં ખેડૂતોમાં દિવાળી જેવી ખુશાલી જોવા મળી. વાત્રક નહેરની માઈનોર કેનાલથી અંદાજીત ૧ કિ.મી. પી.વી.સી. પાઈપ રૂ. ૧૫ લાખના ખર્ચે નાંખી પાણી ઠાલવવામાં આવશે. આવનારા દિવસોમાં બારેમાસ રાંમનું તળાવ છલકાયેલુ જોવા મળી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ખાલીખમ તળાવો ભરવા માટે સરકાર દ્વારા એસ-કે-ર યોજનાનું નર્મદાનું પાણી ઠલવાતાં તબક્કાવાર જિલ્લાના ૭૧ તળાવો ભરવામાં આવ્યા જ્યારે બાયડનું રાંમનું તળાવ ભરવા પણ બાયડ ગામના ખેડૂત રમણીકભાઈ મુળજીભાઈ પટેલ સહીતના ખેડૂતોએ પ્રયત્નો શરૂ કરતાં શરૂઆતમાં અનેક અડચણો ઉભી થઈ પરંતુ ખેડૂતોએ મક્કમતાપૂર્વક પ્રયત્નો સતત ચાલુ રાખ્યા હતા. ત્યારબાદ ગત વર્ષ રાંમનું તળાવ ભરવા પુનઃ દરખાસ્ત કરવામાં આવી હતી તેની સ્થળ સ્થિતિની પુનઃ સમીક્ષા પછી તંત્ર દ્વારા રાંમનું તળાવ ભરવા વહીવટી મંજૂરી આપવામાં આવતાં ખેડૂતોમાં ખુશાલી જોવા મળી હતી. બાયડ રાંમનું તળાવ ભરવા માટે સત્વરે વહીવટી મંજૂરી મળે તે માટે અધિક્ષક શૈલેષભાઈ એન. શાહ, ઈજનેર સંસ્કારભાઈ બ્રહ્મભટ્ટ વગેરેએ ત્વરીત કાર્યવાહી કરાતં રાંમનું તળાવ ભરવાની યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર થયાનું જાણવા મળેલ છે.

# ડીસામાં ડમ્પર, રિક્ષા અને બાઈક વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો

**બાઈક સવાર પર ડમ્પરનું ટાયર ફરી વળતા મોત, એક ઘાયલ**

ડીસા, તા. ૨૧

ડીસાના ગાયત્રી મંદિર નજીક આવેલ યુકો બેક્નની સામે ડમ્પર, રીક્ષા છકડો અને બાઈક વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો.જે ત્રિપલ અકસ્માતમાં યુવકોને અડફેટે લીધા હતા. જેમાં બાઈક સવાર બે યુવકો રોડ પર પટકાયા હતા. તે દરમિયાન પૂરઝડપે આવી રહેલા ડમ્પરનું રોડ પર પટકાયેલા યુવક નેમારામ દિપારામ જાટ (ચૌધરી) રાજસ્થાન વાળા પર ટાયર ફરી વળતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. તેમજ મંગળભાઈ ખેગારભાઈ રબારી ( ૨૨ વર્ષ રહે. ટેટોપ રાજસ્થાન) ઘાયલ થયો હતો. અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.તાત્કાલિક ૧૦૮ મોબાઈલ વાનને જાણ કરતા ૧૦૮ ની ટિમ ઘટના સ્થળે દોડી આવી ઘાયલ યુવકને સારવાર માટે ડીસા સિવિલ ખાતે ખસેડાયો હતો. તેમજ ડીસા ઉત્તર પોલીસને જાણ કરતા ઉત્તર પોલીસનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવી મૃતક યુવકની લાશને ડીસા સિવિલ પી.એમ. અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.




બાઈક સવાર બે યુવકો રોડ પર પટકાયા હતા. જેમાં એક યુવક પર ડમ્પરનું ટાયર ફરી વળતાં તેનું ઘટના સ્થળે મોત નિપજયું હતું જ્યારે બીજા યુવકને ઈજા થતાં સારવાર માટે ડીસા સિવિલ ખાતે ખસેડાયો હતો. બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે ત્યારે આજે ડીસા ખાતે આવેલ ગાયત્રી મંદિર નજીક વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. ડીસા ગાયત્રી મંદિર નજીક આવેલ યુકો બેક્નની સામે રોંગ સાઈડમાં આવી રહેલ રીક્ષા છકડોના ચાલકે સામેથી આવી રહેલ બાઈક પર સવાર બે

### ડીસા એસ ટી ડેપોના કર્મચારીની ઈમાનદારી

# ટ્રાફીક કંટ્રોલ દ્વારા અમદાવાદ ધાનેરા વોલ્વો બસમાં ભુલી ગયેલ મુસાફરનો થેલો પરત આપ્યો

ડીસા, તા. ૨૧

ડીસા એસટી બસ સ્ટેન્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા અનેક વાર મુસાફરોના સર સમાન પરત આપી ઈમાનદારીના દર્શન કરાવે છે ત્યારે ગઈકાલે અમદાવાદથી ઉપડેલ અમદાવાદ ધાનેરા વોલ્વો બસમાં રાણીપ થી એક મુસાફર ડીસા આવવા માટે બસમાં બેઠા હતા ત્યારે એસટી બસ ડીસા ડેપોમાં પહોંચતાં મુસાફર જય શ્રી બેન યાજ્ઞિક બસમાં ઉતરી ગયા હતા અને પોતાનો થેલો એસટી બસમાં ભુલી ગયા હતા જે બાદ જય શ્રી બેન ઘરે પહોંચતા થેલો યાદ આવતાં તેમના પુત્રને ડીસા એસટી બસ ડેપોમાં મોકલી થેલાથી શોધખોળ હાથ ધરી હતી જે દરમિયાન સમગ્ર ઘટનાની જાણ ડીસા એસટી ટ્રાફીક કંટ્રોલ આર કે દેસાઈને જાણ કરાતાં ટ્રાફીક કંટ્રોલ દ્વારા અમદાવાદ ધાનેરા વોલ્વો બસનાં ડ્રાઈવર કંડકટરનો સંપર્ક કરાયો હતો ત્યારે ડ્રાઈવર કંડકટર દ્વારા એસટી બસમાં શોધખોળ કરાતાં થેલો મળી આવતાં આજરોજ પરત કરાયો હતો જ્યારે ડીસા એસટી બસ બસસ્ટેન્ડમાં બસમાં ભુલી ગયેલ મુસાફરનો થેલો પરત કરાઈ ઈમાનદારના દર્શન કરાવતાં મુસાફર જયશ્રી બેન યાજ્ઞિક દ્વારા એસટી કર્મચારીઓની ઈમાનદારી ને બિરદાવી હતી



# કાંકરેજ તાલુકાના કાકર ખાતે વાદી વસાહતની મુલાકાત લેતા રાજયના શિક્ષણ મંત્રી



પાલનપુર તા.

કાંકરેજ તાલુકાના કાકર ગામે ધુડા નગર માં વિચરતી વિમુક્ત જાતિ વાદી વસાહત માં તેમને રૂબરૂ મુલાકાત લઈ તેમની સમસ્યા જાત માહિતી મેળવી મંત્રીશ્રી તેમને ગ્રાન્ટમાંથી વાદી વસાહત માં કોમ્યુનિટી હોલ પાણીની ટાંકી -રસ્તાઓ નું સરસ કામ આપ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, લોકો તેમના કામ હૃદય થી લાગણી દર્શાવતા હતા મંત્રીશ્રી ગરીબ લોકોને સરકારની તમામ યોજનાઓ ઘરઘર સુધી પહોંચે તેવા પ્રયત્નો સરકાર કરી રહી છે. અને તેમના બાળકોને શિક્ષણ સારી રીતે મળી રહે તે વિશે પણ ચર્ચાઓ કરી હતી આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ તેમજ ભાજપના કાર્યકર્તાઓ લોકોના આગેવાનો હાજર રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની શાળાઓમાં બાળકોની અનિયમીતતાથી શિક્ષકોની મુશ્કેલી વધી

**એસ.આઈ. શાળાની મુલાકાતે આવે પણ વિદ્યાર્થીઓ વગર મૂલ્યાંકન કેમ કરવું !! વિટંબણા વધી**

બાયડ, તા. ૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં બાળકોની અનિયમીતતાથી શિક્ષકોની મુશ્કેલી વધી છે. કોરોનાના હાઉમાંથી હજુ પણ અનેક વાલીઓ બહાર આવ્યા નથી. શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ છે. છતાં અનેક શાળામાં માંડ ૧૦ થી ૨૦ ટકા બાળકો અભ્યાસમાં આવતા આવી શાળાઓના મુખ્ય શિક્ષક, શિક્ષકોની મુશ્કેલી વધી છે. જ્યારે દરેક શાળાઓની એસ.આઈ. દ્વારા મુલાકાતો શરૂ થતાં અનિયમીત બાળકોનો પ્રશ્ન દરેક શિક્ષકોને સતાવી રહ્યો છે. જિલ્લાની ૨૫૦૦ સરકારી પ્રા. શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં હવે માંડ સરેરાશ ૪૦ થી ૫૦ ટકા બાળકો અભ્યાસ માટે આવે છે અને બપોર બાદ આ સંખ્યામાં ઘટાડો થઈ જાય છે. જ્યારે શિક્ષકો પણ બાળકો શાળામાં નિયમીત આવે તેવા પ્રયત્નો કરવા છતાં ધારી સફળતા મળતી નથી. જ્યારે શાળામાં કેટલા બાળકો હાજર-ગેર હાજર તેનું મોનીટરીંગ થવાની સાથે હવે નિયમીત એસ.આઈ.ની મુલાકાતો શરૂ થતાં શિક્ષકોની મુસીબતો વધવા લાગી છે. અનેક વાલીઓ બાળકોને શાળામાં મોકલવા તૈયાર નથી અને જે આવે છે તે છેલ્લા ૨ વર્ષથી કશુ ભણતા ન હોવાથી અભ્યાસમાં વધુ નબળા પડી રહ્યા છે. ત્યારે સરકારે પણ સળંગ બે માસ પ્રમોશનથી ઉપલા વર્ગમાં આવેલા બાળકો કેટલી હદે નબળા છે તેની યોગ્ય ચકાસણી કરી આવા બાળકોને પુનઃ કેવી રીતે લખતા-વાંચતા કરવા જોઈએ તેનો નવેસરથી એક્શન પ્લાન બનાવવો રહ્યો.

# જાયન્ટ્સ મોડાસા દ્વારા વિશ્વ માતૃભાષા દિનની શ્રી .વી. એસ શાહ શાળામાં ઉજવણી



મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા મા શૈક્ષણિક સેવા આપતી શ્રી સરસ્વતી બાલ મંદિર મંડળ સંચાલિત શ્રી વી એસ શાહ શાળા ના બાળકો દ્વારા ગુજરાતી અનુવાદિત ભગવત ગીતા નુ પુજન કરવામાં આવ્યું બાળકો દ્વારા ગુજરાતી વિશ્વ માતૃભાષા દિને ગુજરાતીમાં કવિતા અને વાર્તા રજૂઆત કરી. સાથે બાળ વાર્તાકાર દિગ્ગજ શાહ દ્વારા માતૃભાષા નું મહત્વ બાળકોને સમજણ પડે એ રીતે બાળ વાર્તા રૂપે ગુજરાતી વાર્તા કહી બાળકોને ગુજરાતી ભાષાનું મહત્વ સમજાવ્યું આ કાર્યક્રમ મા શાળા પરિવારના પ્રમુખ નિલેશ જોષીએ ઉપપ્રમુખ નાનાલાલ પ્રજાપતિ જાયન્ટ્સ મોડાસા પ્રમુખ પ્રવીણભાઈ પરમાર ધર્મેન્દ્ર સિંહ રાઠોડ . શાળા પરિવારના આચાર્ય નયનાબેન સુથાર રમણભાઈ સુતરીયા અને બાળકો હાજર રહ્યા

# હૉટલ,ગેસ્ટહાઉસ તથા લૉજમાં રહેવા આવતા દરેક મુસાફરના હસ્તાક્ષર અને નોંધ લેવી ફરજિયાત

બાયડ તા.૨૧

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ ત્રાસવાદી/અસામાજિક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટહાઉસ,હૉટલ તથા લૉજમાં રોકાણ કરતાં હોય છે અને શહેરને સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિ માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નીવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારું તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અને સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારું પ્રવર્તમાન આ પ્રમાણેના સૂચનોનો અમલ કરવો જરૂરી બને છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી એન.ડી.પરમાર ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે હોટેલ,ગેસ્ટહાઉસ, તથા લૉજમાં રહેવા આવનાર દરેક મુસાફરના રજીસ્ટરમાં હસ્તાક્ષર નોંધ કરવાની રહેશે. રજીસ્ટરમાં સહી સાથે પુરુષ મુસાફર્ના ડાબા હાથના અંગૂઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવાનું રહેશે. દરેક હૉટલ,ગેસ્ટહાઉસ તથા લોજના રિસેપ્સન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતે પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવાની રહેશે. ફોટો ઓળખ પત્ર રજૂ કરવું પડશે ત્યારે જ હોટલમાં પ્રવેશમાં આપવામાં આવશે. તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શિત કરવાનું રહેશે. દરેક રીસેપ્સન કાઉન્ટર ઉપર સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પ્રવાસીના સામાન વગરેનું વિડિયો રેકોર્ડીંગ થઈ શકે, તેમજ તે ઓછામાં ઓછા-૧૦ દિવસ સાચવી રાખવાના રહેશે. દરેક પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભવવાનું રહેશે.

દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોસ્ટેલ, ગેસ્ટહાઉસ, તથા લૉજના નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત, સગા સબંધીનું નામ સરનામું,મોબાઈલ નંબરની વિગતો રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજિયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની રહેશે. મુસાફરના ફોટો ઓળખકાર્ડ તરીકે જેવા કે ચૂંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વગેરેની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવાની રહેશે. અરવલ્લી જિલ્લાની હદમાં આવતી તમામ હૉટલ,લૉજ,ગેસ્ટહાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં. તેમજ આવી હૉટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વગરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે. અરવલ્લી જિલ્લાની હદમાં આવતા અરવલ્લી જિલ્લામાં આવેલ હૉટલ, ગેસ્ટહાઉસ, લૉજ ધાબાના માલિક તથા મેનેજર અને તમામ કર્મચારીઓના નામ સરનામું નજીકના સગાની વિગતો આગળાંની છાપો વગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હૉટલ, ગેસ્ટહાઉસ, લૉજ કયા કયા સ્થળે આવળે છે તેમના માલિક, સંચાલકના નામ,સરનામું,ટેલિફોન, મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન,સબંધકર્તા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ તથા એકઝકયુટીવ મેજીસ્ટ્રેટને ફરજિયાત આપવાની રહેશે.

દરેક મુદ્દાની લાગુ પડતાં તમામ એકમ માલિકો દ્વારા અમલ થાય તે જોવાની જવાબદારી સંબંધિત પોલીસ થાણાના અમલદારની રહેશે. પોલીસ થાણા અમલદારે તેમના કાર્યક્ષેત્રમાં આવતા આ પ્રકારના એકમોની અવાર નવાર મુલાકાત લેવાની રહેશે. આ અંગે તકેદારી રાખવાની રહેશે અને મુલાકાત લીધેલ એકમોનો અહેવાલ દર માસે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને મોકલવાનો રહેશે. આ જાહેરનામું તા.૧૫ એપ્રિલ ૨૦૨૨ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ને કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.